# આવ રે વરસાદ

આવ રે વરસાદ,
ઘેબરીઓ પરસાદ,
ઊની ઊની રોટલી,
ને કારેલાનું શાક.

આવ રે વરસાદ,
નેવલે પાણી,
નાનકડી છોકરીને,
દેડકી એ તાણી.



Kalpesh Chotalia Educational Material
सर्वत्रज्ञानम्

# વાદળી વાદળી ! વરસ વરસ !

વાદળી વાદળી ! વરસ વરસ !
લાગી છે બહુ તરસ તરસ;
ખારાં પાણી સાગરમાં,
મીઠાં પાણી ગાગરમાં,
ફોરાં પડજો ટપક ટપક !
ઝીલી લઈએ લપક લપક.



# અડકો દડકો

અડકો દડકો દહીં દડકો,
શ્રાવણ ગાજે પીલું પાકે,
ઊલ મૂલ ધંતુરાનું ફૂલ,
સાકર શેરડી ખજૂર.

મોર પાણી ભરે છે,
ઢેલ પાણી ઢોળે છે,
રાજિયો ભોજિયો,
ટીલડીનો ટચાકીયો.



# ડોશીમા ડોશીમા

ડોશીમા ડોશીમા ક્યાં ચાલ્યાં ?
છાણાં વીણવા
છાણાંમાંથી શું જડ્યું ?
'રૂપિયો'
રૂપિયાનું શું લીધું ?
'ગાંઠિયા'
ખાય જે ગાંઠિયા
ભાંગે તેના ટાંટિયા.






# બાર મહિના






કારતકમાં ટાઢ આવી,
માગશરમાં જામી,
પોષ મહિને પતંગ લઈને,
ટાઢને ભગાડી.
મહા મહિને વસંતપંચમી,
ઊડે રંગ ગુલાલ,
ફાગણ મહિને હોળી આવી,
રંગ ગુલાબી લાલ.
ચૈત્ર મહિનો ગરમી લાવ્યો,







વેકેશન વૈશાખ.
જેઠ મહિને ગિલ્લી દંડા,
રમતા લાગે થાક.
અષાઢ મહિને આંધી સાથે,
વાદળ વરસે ઝાઝા,
સરવરો મહિને સરવર છલકે,
શાક ભાજી તાજા,
ભાદરવામાં ભીંડાનું શાક,
લોકો હોંશે ખાય.
આસો મહિને આવી દિવાળી,
ફટાકડાં ફોડાય.







# ભાઈ બહેનની જોડી

ભાઈ બહેનની જોડી, કરતી દોડા-દોડી,
એક છે હલેસું ને એક છે હોડી.
ભાઈ બહેનની જોડી, કરતી દોડા-દોડી,
અહીં જાય તહીં જાય, દૂધ ખાય દહીં ખાય,
દહીંની છાશ થઈ, ભાઈ બહેનને હાશ થઈ.
છાશમાં છે માખણ, ભાઈ દોઢ ડાહપણ,
આમ જાય તેમ જાય, રમતાં રમતાં પડી જાય,
એકમેકને ચીડવવાનો બન્ને ને ચસ્કો,
બહેન પીએ લસ્સી ને, ભાઈ માંગે મસ્કો.
ભાઈ બહેનની જોડી, કરતી દોડા-દોડી..



# ભઈલો મારો ડાહ્યો

ભઈલો મારો ડાહ્યો,
પાટલે બેસી નાહ્યો.
પાટલો ગયો ખસી,
ભઈલો પડ્યો હસી.

બેની મારી છે લાડકી,
લાવો સાકર ઘીની વાડકી.
ખાશે સાકર ઘી મારી બેની,
ચાટશે વાડકી મિયાંઉમીની.



# ચકલી બોલે ચીં ચીં

ચકલી બોલે ચીં ચીં..
ટીપું પાણી પી પી..
કાગડો બોલે કાં કાં..
મોટે સાદે ગા ગા..

કોયલ બોલે કૂ કૂ..
હોલો બોલો ઘૂ ઘૂ..
કુકડા કુકડા કૂકડે કૂક..
ગાડી ચાલે છકૂ છકૂ..



બકરી બોલે બેં બેં..
આલો પાલો લે લે..
મીની મીની મ્યાઉં મ્યાઉં..
ઓરી આવ દૂધ પાઉં

ઉંદર મામા છૂ છૂ..
સામે ઊભો હું છું



# ચાંદા પોળી

ચાંદા પોળી
ઘીમાં ઝબોળી,
ચોળીને ખાજો
તાજા માજા થાજો.

ચાંદા પોળી
ઘીમાં ઝબોળી.
સૌ છોકરાંને
કટકો પોળી,
મારા વીરાને
આખી પોળી.




# ઢીંગલી મારી કેવી ડાહી !

ઢીંગલી મારી કેવી ડાહી !
હસતી હસતી જાગે;
રમી રમીને થાકે ત્યારે
ખાવાનું એ માગે.



# એક બિલાડી જાડી


એક બિલાડી જાડી,
તેણે પહેરી સાડી.
સાડી પહેરી ફરવા ગઈ,
તળાવમાં તે તરવા ગઈ.
તળાવમાં તો મગર,
બિલ્લીને આવ્યા ચક્કર,
સાડીનો છેડો છૂટી ગયો,
મગરના મોઢામાં આવી ગયો,
મગર બિલ્લીને તાણી ગયો,
મગર બિલ્લીને ખાઈ ગયો.



# એક હતી છોકરી

એક હતી છોકરી,
એણે પાળી બકરી.
છોકરી ગઈ ફરવા,
બકરી ગઈ ચરવા.

ફરી ને આવી છોકરી,
ભાળી નહિ બકરી.
રડવા લાગી છોકરી,
આવી પહોંચી બકરી



# દાદાનો ડંગોરો


દાદાનો ડંગોરો લીધો,
એનો તો મેં ઘોડો કીધો,
ઘોડો ચાલે રૂમઝુમ,
ધરતી ધ્રુજે ધમધમ,


ધમધમ ધરતી થાતી જાય,
મારો ઘોડો કૂદતો જાય,
કૂદતાં કૂદતાં આવે કોટ,
કોટ કૂદીને મૂકે દોટ.



# કોઈને વ્હાલી પિપૂડી

કોઈને વ્હાલી પિપૂડી,
કોઈને વ્હાલું વાજું,
વ્હાલી વ્હાલી મને ચોપડી,
હોંશે હોંશે વાંચું.





# મોર મોર આવજે

મોર મોર આવજે,
સાથે ઢેલ લાવજે,
મારે આંગણ બેસજે,
દાણા નાંખુ ચણજે,


પાણી આપું પીજે,
ડાળે ડાળે કૂદજે,
થૈ થૈ નાચજે,
સાથે મને નચાવજે,
મોર મોર આવજે.

# પા પા પગલી

પાપા પગલી ધૂળની ઢગલી,
ઢગલીમાં ઢેલ, જીવે મારી બેન,
પાપા પડિયા થોડુંક રડ્યાં,
રડતાં રડતાં આંસુડાં ખર્યાં.

પા પા પગલી,
મામાની ડગલી.
મામાની ડગલી,
હીરાની ઢગલી.

હીરા ઉછળિયા,
આભલે અડિયા.
આભલે અડિયા,
તારલા બન્યા.




# રાત પડે ને ચાંદો આવે

રાત પડે ને ચાંદો આવે,
તારા ટોળી સાથે લાવે;
વાદળ વચ્ચે સરતો જાય,
સંતાકૂકડી રમતો જાય.



# સામે એક ટેકરી છે

સામે એક ટેકરી છે,
ત્યાં વડનું ઝાડ છે.
વડને વડવાઈઓ છે,
ઠંડી મજાની હવા છે.
કાલે ત્યાં જાશું ભાઈ,
હીંચકા ખાશું ભાઈ,
ઉજાણી પણ કરશું ભાઈ,
રમીને જમીને જશું ભાઈ.



# ગણપતિ દાદા મોરીયા

ગણપતિ દાદા મોરીયા, ઘી માં લાડું ચોરીયા,
ગણપતિ દાદા લાડું જમે, એકવીસ લાડું પેટમાં રમે,
ઉંદર ઉપર સવારી કરે, મલક આખામા ફરતા ફરે,
ગણપતિ દાદા મોરીયા, ઘી માં લાડું ચોરીયા.



# સાત વાર






લઈ લો પાટી દફ્તર પોથી,
આજે છે સોમવાર.
નાસ્તાનો ડબ્બો રાખો, ભૂલશો મા
આજે છે મંગળવાર.
કાઢો કાઢો પતંગ-માંજો,
આજે છે બુધવાર.
ગુરુજનને તે વંદન કરજો,
આજે છે ગુરુવાર.
શુક્રવારે ચણા ફાકજો,
આજે છે શુક્રવાર.
જય બોલો બજરંગબલીની,
આજે છે શનિવાર.
રમત ગમત ને હરવા ફરવા,
થાવ આજ તૈયાર,
રજા મજા ને ખેલનો દિવસ,
આજે છે રવિવાર.







# ઊન ભરેલું ઘેટું નાનું

ઊન ભરેલું ઘેટું નાનું,
લાગે કેવું ભોળું !
એની પાસે જઈને બોલું :
ઊન આપ ને ધોળું.




# મામાનું ઘર કેટલે ?

મામાનું ઘર કેટલે?
દીવો બળે એટલે.
દીવો મેં તો દીઠો,
મામો લાગે મીઠો.

તાળી વગાડે છોકરાં
મામા લાવે ટોપરાં,
ટોપરાં તો ભાવે નહિ,
મામા ખારેક લાવે નહિ.




મામી મારી ભોળી,
મીઠાઈ લાવે મોળી,
મોળી મીઠાઈ ભાવે નહી,
રમકડાં તો લાવે નહી.
મામે સામું જોયું,
મારું મનડુ મોહ્યું.

# ચકીબેન ચકીબેન


ચકીબેન ચકીબેન
મારી સાથે રમવા
આવશો કે નહિ આવશો કે નહિ?

બેસવા ને પાટલો,
સૂવાને ખાટલો,ઓઢવાને પીંછા,
આપીશ તને હું આપીશ તને.

પહેરવાને સાડી,
મોરપીંછાવાળી,
ઘમ્મરિયો ઘાઘરો,
આપીશ તને હું આપીશ તને.
ચકીબેન ચકીબેન......



ચક ચક કરજો,
ચીં ચીં કરજો,
ખાવાને દાણા,
આપીશ તને હું આપીશ તને.
ચકીબેન ચકીબેન......



બા નહિ બોલશે,
બાપુ નહિ વઢશે,
નાનો બાબો તો
ઊંઘી ગયો ઊંઘી ગયો.
ચકીબેન ચકીબેન......

# ચાંદો સૂરજ રમતા

ચાંદો સૂરજ રમતા' તા,
રમતાં રમતાં કોડી જડી,
કોડીનાં મેં ચીભડાં લીધાં,
ચીભડે મને બી દીધાં.

બી બધાં મેં વાડમાં નાખ્યાં,
વાડે મને વેલો આપ્યો.
વેલો મેં ગાયને નીર્યો,
ગાયે મને દૂધ આપ્યું.

દૂધ મેં મોરને પાયું,
મોરે મને પીછું આપ્યું,
પીંછુ મેં બાદશાહને આપ્યું,
બાદશાહે મને ઘોડો આપ્યો.

ઘોડો મેં બાવળિયે બાંધ્યો,
બાવળ મને શૂળ આપી.
શૂળ મેં ટીંબે ખોસી,
ટીંબે મને માટી આપી.



માટી મેં કુંભારને આપી,
કુંભારે મને ઘડો આપ્યો,
ઘડો મેં કૂવાને આપ્યો,
કૂવાએ મને પાણી આપ્યું.

પાણી મેં છોડને પાયું,
છોડે મને ફૂલ આપ્યાં,
ફુલ મે પુજારીને આપ્યા
પુજારી એ મને પ્રસાદ આપ્યો

પ્રસાદ મે બા ને આપ્યો
બા એ મને લાડવો આપ્યો
એ લાડવો હું ખાઈ ગયો
ને હું આવડો મોટો થયો



# એક હતો ઉંદર

એક હતો ઉંદર,
કોટ પહેર્યો સુંદર,
હાથમાં લીધી સોટી,
વાતો કરતો મોટી,

જો બનું હું અન્નપ્રધાન,
કદી પડે ન અન્નની તાણ,
ઉંદર સેના ઘૂમતી જાય,

કોઠા રોટલા ચરતી જાય,
લોકો સૌ વહેંચી ખાય.



# હાથીભાઈ તો જાડા

હાથીભાઈ તો જાડા,
લાગે મોટા પાડા,
આગળ ઝૂલે લાંબી સૂંઢ,
પાછળ ઝૂલે ટૂંકી પૂંછ

હાથીભાઈ તો જાડા,
લાગે મોટા પાડા
સૂપડા જેવા કાન છે
ને આગળ મોટા દાંત છે.
હાથીભાઈ તો....




# લાલ લાલ ટામેટું.

લાલ લાલ ટામેટું.
ખાટું મીઠું ટામેટું.
લાલ ગુલાબી ટામેટું.
રસે ભરેલું ટામેટું.

કોણ લાવે ટામેટું. ?
પપ્પા લાવે ટામેટું.
કોણ કાપે ટામેટું ?
મમ્મી કાપે ટામેટું.

કોણ ખાય ટામેટું ?
અમે ખાઈએ ટામેટું.
છોકરાં ખાય ટામેટું.
રસે ભરેલુ ટામેટું.



# સવારના પહોરમાં બાપુ

સવારના પહોરમાં બાપુ,
પહેલા વાંચે છાપુ,
લટકે ચશ્મા નાકે,
છાપે મોઢું ઢાંકે
બાપુની આ કેવી ટેવ,
છાપુ એમનો એક જ દેવ,
માં ની સામે જુએ નહિ તો બાળ
લાડકો રુએ નહિં.




# મેં એક બિલાડી

મેં એક બિલાડી પાળી છે,
તે રંગે બહુ રૂપાળી છે,
તે હળવે હળવે ચાલે છે,
ને અંધારામાં ભાળે છે.

તે દૂધ ખાય દહીં ખાય,
ઘી તો ચપ ચપ ચાટી જાય,
તે ઉંદરને ઝટ પટ ઝાલે,
પણ કૂતરાથી બીતી ચાલે.

તેના ડીલ પર ડાઘ છે,
તે મારા ઘરનો વાઘ છે.



# નાની મારી આંખ

નાની મારી આંખ
એ જોતી કાંક કાંક
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાના મારા કાન
એ સાંભળે મીઠા ગાન
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાક મારું નાનું
એ સુંઘે ફૂલ મજાનું
એ તે કેવી અજબ જેવી વાત છે!

નાની મારી જીભ
એ માણે પીપરમીન્ટ
એ તે કેવી અજબ જેવી વાત છે!



# આ દાતરડું કેવું ?

આ દાતરડું કેવું?
ઘાસ કાપે એવું.
આ ઘાસ કેવું?
ગાય ખાય એવું.

આ ગાય કેવી?
દૂધ આપે એવી.
આ દૂધ કેવું?
દહીં થાય એવું.

આ દહીં કેવું?
છાસ થાય એવું.
આ છાસ કેવી?
માખણ થાય એવી.



આ માખણ કેવું?
ઘી થાય એવું.
આ ઘી કેવું?
લાડવા થાય એવું.

આ લાડવા કેવા?
મને ભાવે એવા.



# શું બોલે કૂકડો ?

શું બોલે કૂકડો ?
કૂકડે કૂકાંવ કૂકડે કૂકાંવ

શું બોલે બિલ્લી ?
મિયું મિયું મિયું મિયું

શું બોલે ચકલી ?
ચીં ચીં ચકચક
ચીં ચીં ચકચક



શું બોલે કૂતરો ?
વ્હાઉ હાઉ વ્હાઉ હાઉ

શું બોલે કોયલ ?
કૂઉહૂ કુઉહૂ કૂઉહૂ



શું બોલે વાઘભાઈ ?
ખ્રાઉંઉં.... ખ્રાઉંઉં



# વાર્તા રે વાર્તા

વારતા રે વારતા,
ભાભો ઢોર ચારતા.
ચપટી બોરા લાવતા,
છોકરાંને સમજાવતા.

એક છોકરો રિસાણો,
કોઠી પાછે ભીંસાણો.
કોઠી પડી આડી,
છોકરે રાડ પાડી,
અ ર.. ર.. ર.. ર.. માડી!



# સગપણ



ચોરી કરવા ચાલ્યા ચોર
સોનીપોળમાં થાતો શોર,
સીપાઈ મળ્યા સામા,
બાના ભાઈ તે મામા.



મામા લાવે છૂક-છૂક ગાડી,
બાને માટે લાવે સાડી,
સાડીનાં રંગ કાચા,
બાપના ભાઈ તે કાકા.



કાકા કાકા કારેલાં
કાકીએ વઘારેલાં,
કાકી પડ્યાં રોઈ,
બાપની બહેન તે ફોઈ.





ફોઈ ફૂલડાં લાવે છે,
ફુવાને વધાવે છે,
ફુવા ગયા કાશી,
બાની બેન તે માસી.




# સાઈકલ મારી ચાલે

સાઈકલ મારી ચાલે,
એની ઘંટી ટન-ટન વાગે,
સરસર સરસર ભાગે,
એની ઘંટી ટન-ટન વાગે,

સાઈકલ મારી ચાલે,
એની ઘંટી ટન-ટન વાગે,
ચાર પૈડા વાળી ને
ગાદીવાળી સીટ

પૂરપાટ ભાગું તો ય,
નથી લાગતી બીક,
સાઈકલ મારી ચાલે,
એની ઘંટી ટન-ટન વાગે,

હું ને ભાઈ મારો, આખો દી ફરવાના,
નદીએ ફરવા જાશું, સૌથી છાના માના.



સાઈકલ મારી ચાલે,
એની ઘંટી ટન-ટન વાગે,
સાઈકલ મારી ચાલે,
જાણે ઘોડાગાડી,

સાઈકલ મારી ચાલે,
એની ઘંટી ટન-ટન વાગે,
સરસર સરસર ભાગે,
જાણે એન્જિન ગાડી.

સાઈકલ મારી ચાલે,
એની ઘંટી ટન-ટન વાગે.



# જન્મદિવસ ગીત

જન્મદિવસ મુબારક... જન્મદિવસ
મુબારક...
જન્મદિવસની મંગલ હો શુભ કામના,
દુનિયાભરમાં થાય તમારી નામના,
જન્મ દિવસ આવ્યો તમારો રઢિયામણો.
આજનો દિવસ તમારા માટે છે મોજ મજાનો,
આઓ ચીન્ટુ, આઓ પીન્કી,
સાથે મળીને કેક કાપીએ.
ખુબ જીવો અને નામ કરો સુખભાવના,
એવી છે તમને શુભ કામના,
આવો ચીન્ટુ, આવો પીન્કી, ભેગા મળીને
ગીફ્ટ આપીએ.

